જા.ક્ર. :                                        તા:

પ્રતિ,
માન. હર્ષ સંઘવી સાહેબ,
વાહન વ્યવહાર મંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય.

વિષય : ગુજરાત મોટર વાહન વિભાગના ટેકનિકલ ઓફિસર્સ એસોસિએશનના પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવતા આંદોલન કરવા બાબત

સંદર્ભ : (૧) મોટર વાહન ખાતાના સંખ્યાબંધ અધિકારીઓ /કર્મચારીઓના પ્રોબેશન પૂર્ણ થયેથી લાંબા ગાળાના હુકમ બાબતે યોગ્ય કરવા બાબતનો પત્ર,
જા.નં. : GMVDTOA/પ્રોબેશન/79/2023. તા: 05/09/2023.

સંદર્ભ : (૨) મોટર વાહન ખાતાના ઈન્સ્પેક્ટર્સને ચેકિંગની ફરજમાં પડતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા બાબતનો પત્ર,
જા.નં. : GMVDTOA/63/2023. તા: 19/07/2023.

સંદર્ભ : (૩) ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેકમાં પડતી મુશ્કેલીઓનું નિરાકરણ કરવા બાબતનો પત્ર,
જા.નં. : GMVDTOA/૭૦/ADTT/૨૦૨૩. તા: 05/08/2023.

સંદર્ભ : (૪) વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી દ્વારા છેલ્લા ૪ વર્ષમાં નનામી/બેનામી અરજીઓ પર કાર્યવાહી કરી સરકારશ્રીની સૂચનાઓનો સદંતર ભંગ કર્યા બાબતનો પત્ર,
જા.નં.: GMVDTOA/76/નનામી/2023. તા: 17/08/2023.

માન. સાહેબશ્રી,

ઉપરના વિષય અને સંદર્ભો મુજબ જણાવવાનું કે ગુજરાત મોટર વાહન વિભાગ ટેકનિકલ ઓફિસર્સ એસોસિએશન દ્વારા પડતર પ્રશ્નો બબતે ઘણી બધી રજૂઆતો કરવામાં આવેલ હતી અને કેટલીક રજૂઆતોના સ્મૃતિપત્ર પણ આપવામાં આવેલ હતા, પરંતુ આ બાબતે આજ - દિન સુધી કોઈ ચોક્કસ નિરાકરણ આવેલ નથી જેના લીધે ગુજરાત મોટર વાહન વિભાગના ટેકનિકલ અધિકારીઓમાં નારાજગી વ્યાપેલ છે. અમોએ કરેલ પત્રોનો વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી દ્વારા યેન-કેન પ્રકારે ગોળ-ગોળ જવાબ આપીને પડતર પ્રશ્નોનું કોઈ ચોક્કસ નિરાકરણ લાવવામાં આવેલ નથી.

આથી અમારી તમામ રજૂઆતો અને પડતર પ્રશ્નો બાબતની સંકલિત પડતર માંગણીઓની વિગતવાર રજૂઆત લખી જણાવીએ છીએ.

(1) સંદર્ભ (૧) અનુસાર મોટર વાહન ખાતાના સંખ્યાબંધ અધિકારીઓ/કર્મચારીઓના પ્રોબેશન પૂર્ણ કરી લાંબા ગાળાની નિમણૂક આપવા રજૂઆત કરવામાં આવેલ હતી. જેમાં કુલ ૩૮ અધિકારીઓના પ્રોબેશન ૩ વર્ષથી લઈ ૧૦ વર્ષ સુધીનો વિલંબ થયા છતાં પૂર્ણ કરવામાં આવેલા નથી. મોટાભાગના કિસ્સાઓમાં અધિકારીઓ સદંતર નિર્દોષ હોવા છતાં ક્ષુલ્લક બાબતો અંગેની નોટિસો આપી લાંબા સમય સુધી કાયમી નિમણૂકના હુકમો કરવામાં આવેલા નથી. આથી તાત્કાલિક ધોરણે પ્રોબેશન બાકી હોય તેવા તમામ અધિકારીઓના પ્રોબેશન પૂર્ણ કરી આપવા વિનંતી છે.

(2) સંદર્ભ (૨) ના પત્રથી અધિકારીઓને ચેકિંગમાં પડતી મુશ્કેલીઓ બાબતે રજૂઆત કરવામાં આવેલ હતી. જેમાંથી એક પણ રજૂઆત નો આજ- દિન સુધી કોઈ ઉકેલ લાવવામાં આવેલ નથી. આથી આ બાબતે તાત્કાલિક નિર્ણય લઈ ચેક પોઇન્ટ પર માળખાકીય સુવિધાઓ જેવી કે ઓછામાં ઓછા 12 X 12 (ફૂટ) સાઈઝનું સુવિધાઓ સાથેનું કન્ટેઈનર, શૌચાલય, વજન કાંટો અને વાહન ડીટેઇન કરવા માટે સરકારી જગ્યાની વ્યવસ્થા કરવા વિનંતી છે.

(3) રાજ્યના છેવાડાના જિલ્લાઓમાં 24X7 ચેકપોઈન્ટ કાર્યરત રાખી આંતરિક જિલ્લાઓમાં ફ્લાઈંગ પદ્ધતિથી ચેકિંગની વ્યવસ્થા ગોઠવવા વિનંતી છે.

(4) ઘણાં ચેકપોઈન્ટ હેડ ક્વાર્ટરથી ખૂબ જ દૂર આવેલાં હોઈ અધિકારીઓને જવા-આવવા સરકારી ગાડીની વ્યવસ્થા આપવા વિનંતી છે. તમામ કચેરી માં વાહનની યોગ્ય વ્યવસ્થા કરવા તેમજ જરૂરિયાત મુજબ વધુ વાહનો ખરીદી કરવા વિનંતી છે.

(5) દર અઠવાડિયે સોંપવામાં આવતી સરપ્રાઈઝ ડ્યુટી રોટેશનની જગ્યાએ ૧ મહિના અગાઉથી જાણ કર્યા મુજબ ડ્યુટી ફાળવણી કરવા અને સળંગ ૭ નાઈટ શિફ્ટની ડ્યુટી સોંપણીના હુકમો બંધ કરવા વિનંતી છે. કોઈ પણ અધિકારીને અઠવાડિયામાં ફક્ત એક જ નાઈટ ડ્યુટી ફાળવવામાં આવે અને આગળ-પાછળના દિવસે ઓફ આપવામાં આવે તેવી વિનંતી છે. તથા તમામ ટેકનિકલ સ્ટાફ માટે ૮ કલાક ની ફરજ ઉપરાંત ઓવર ટાઈમ ભથ્થું જાહેર કરવામાં આવે.

(6) ચેકિંગ ડ્યુટીમાં ૭ દિવસ ફરજના હુકમ કરવામાં આવે છે તેવા અધિકારીઓને સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલ તહેવારોની વળતર રજા નો લાભ આપવામાં આવતો નથી. આ ઉપરાંત અઠવાડિક (વિકલી ઓફ) રજાનો પણ હુકમ કરવામાં આવતો નથી. આથી ચેકિંગ ડ્યુટીમાં તહેવારોની રજા સામે તમામ અધિકારીઓના વળતર રજાના હુકમો કરવા આદેશ કરવાની વ્યવસ્થા ગોઠવવા વિનંતી છે.

(7) સંદર્ભ (3) અન્વયેની અગાઉની રજૂઆત ધ્યાને લઈ પ્રવર્તમાન બિસ્માર હાલતમાં રહેલ ટેસ્ટ ટ્રેક અને કોઈપણ સુરક્ષા વગરની તેમજ બાહ્ય હસ્તક્ષેપ ધરાવતી પ્રાઇવેટ કંપનીની સોફ્ટવેર સિસ્ટમને તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવે અને આ ભંગાર સિસ્ટમના કારણે અધિકારી/કર્મચારીઓ પર થતી ફરિયાદોના પગલે ભોગ બનેલા તમામ અધિકારીઓના નોટિસ/ચાર્જશીટના તમામ પ્રકરણ તાત્કાલિક અસરથી બંધ કરી ન્યાય આપવા અમારી વિનંતી છે.

(8) સંદર્ભ (૪) અન્વયેની અમારી નનામી/બેનામી અરજીઓ પરત્વે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવની જોગવાઈઓ વિરુદ્ધ કરવામાં આવેલી તમામ તપાસ/નોટિસ/ચાર્જશીટના પ્રકરણોને તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવે તેવી વિનંતી છે.

(9) એજન્ટો/ટ્રાન્સપોટર્સ દ્વારા આયોગ્ય કામગીરી નહીં કરી આપવાનો બદલો લેવાની ભાવનાથી કરવામાં આવેલી તમામ તપાસો/ચાર્જશીટના પ્રકરણોને તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવે તેવી વિનંતી છે.

(10) સ.મો.વા.નિ. વર્ગ-૩ માંથી મો.વા.નિ. વર્ગ-૨ ના પ્રમોશનમાં બાકી રહેલા અધિકારીઓમાં જેઓને ખાતાકીય તપાસ બે વર્ષ કે તેથી વધુ સમયથી પડતર હોય તેવા કિસ્સાઓમાં એડ હોક ધોરણે પ્રમોશન આપવા વિનંતી છે.તેમજ તપાસમાં નિર્દોષ સાબિત થયેલા અને ફક્ત નોટીસના કારણે પ્રમોશન બાકી હોય તેવા અધિકારીઓ માટે માર્ચ-૨૦૨૪ પહેલા DPC નું આયોજન કરી પ્રમોશન આપવા વિનંતી છે.

(11) સુપ્રીમ કોર્ટ કમિટી ઓન રોડ સેફ્ટીના દિશાનિર્દેશોથી વિરુદ્ધ આરટીઓ /એઆરટીઓને જિલ્લા માર્ગ સલામતી સમિતિના સભ્ય સચિવશ્રીની જવાબદારી સોંપવામાં આવેલી છે જે ખરેખર હાઈવે એન્જિનિયરની નિયત કરવા ભલામણ કરવામાં આવેલ છે. આથી જિલ્લા માર્ગ સલામતી સમિતિના સભ્ય સચિવ તરીકે હાઈવે એન્જિનિયરને જવાબદારી સોંપવા વિનંતી છે અન્યથા આરટીઓ /એઆરટીઓને પ્રતિ માસ ₹૫000/- અને રોડ સેફ્ટી નોડલ અધિકારીને ₹3000/- ભથ્થું આપવા વિનંતી છે.

(12) ડીલર કક્ષાએ વાહન રજીસ્ટ્રેશન થયા બાદ તેના દસ્તાવેજો અને ટેક્સની ચકાસણી કર્યા બાદ નોટિસ આપવાની ખૂબ લાંબી અને અગવડભરી કામગીરીના સ્થાને રજીસ્ટ્રેશન થયા પહેલાં ચકાસણીની પદ્ધતિ અમલમાં મુકવા વિનંતી છે.

(13) હાલમાં અધિકારીઓને યુનિફોર્મ એલાઉન્સ મળતું નથી. અન્ય રાજ્યો જેવા કે મહારાષ્ટ્રમાં મોટર વાહન ખાતાના અધિકારીઓ માટે દર ૪ વર્ષે ₹૫000/- યુનિફોર્મ એલાઉન્સ આપવામાં આવે છે. આથી આ બાબતે ખાતાના અધિકારીઓ માટે દર બે વર્ષે ₹૫000/- યુનિફોર્મ એલાઉન્સ ચાલુ કરવા વિનંતી છે.

(14) મોટર વાહન ખાતાના અધિકારીઓને યુનિફોર્મ વોશિંગ માટે વોશિંગ એલાઉન્સ ફક્ત ₹૪0/- પ્રતિ માસ આપવામાં આવે છે જે ખૂબ જ જૂની જોગવાઈના આધારે હોઈ આજના

સમયના ખર્ચને ધ્યાને લેતા તદ્દન નહિવત છે. આ બાબતે ગત વર્ષે પોલીસ અને આરોગ્ય વિભાગના કર્મચારીઓના ની વોશિંગ એલાઉન્સમાં વધારો કરવામાં આવ્યો છે પરંતુ મોટર વાહન ખાતાના અધિકારીઓના યુનિફોર્મ એલાઉન્સમાં વધારો કરાયો નથી. આથી પ્રતિ માસ ₹500/- વોશિંગ એલાઉન્સ આપવા વિનંતી છે.

(15) તમામ કચેરીઓમાં મોટા પ્રમાણમાં સ્ટાફની ભરતી કરવામાં આવેલ છે તથા આર.ટી.ઓની તમામ કામગીરી ઓનલાઈન થઈ ગયેલ છે. જેની સામે તમામ કચેરીમાં જૂના સ્પેસિફિકેશન ધરાવતા કોમ્પ્યુટર છે અને એ પણ ઓછા છે. જેથી ચારથી પાંચ અધિકારીઓને એક જ કોમ્પ્યુટર પર કામગીરી કરવી પડે છે અને વિલંબની પરિસ્થિતિ ઊભી થાય છે. જેથી દરેક અધિકારી દીઠ એક કોમ્પ્યુટર પ્રિન્ટરની વ્યવસ્થા કરવા અને લેટેસ્ટ સ્પેસિફિકેશન ધરાવતા કોમ્પ્યુટર ની ખરીદી કરવા વિનંતી છે.

(16) હાલમાં ફિટનેશની કામગીરી અર્થે mVahan એપ્લીકેશન અને ફેટલ કેસના વાહનોની તપાસણી અર્થે eDAR/iRAD એપ્લીકેશન માટે છેલ્લા પાંચ વર્ષથી અધિકારીઓ પોતાના મોબાઈલનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત ચેકીંગ વખતે POS ડિવાઈસનું નેટ વ્યવસ્થિત કામ કરતું ન હોવાથી પોતાના અંગત ડીવાઈસના ઈન્ટરનેટનો ઉપયોગ કરવામાં આવે છે.આ ઉપરાંત ભવિષ્યમાં પણ નવી નવી એપ્લીકેશનના માધ્યમ થી કામગીરી વધવાની શક્યતા હોઈ,આ કામગીરી અમો અમારા ડીવાઈસથી કરી શકીએ તેમજ અમો અંગત ઈન્ટરનેટનો વપરાશ કરવા તૈયાર છીએ તો આ માટે તમામ અધિકારીઓને પ્રતિ માસ ₹૧૦૦૦/- મોબાઈલ ડીવાઈસ ઈન્ટરનેટ પેટે ભથ્થું ચૂકવવા વિનંતી છે.

(17) પતિ - પત્નીના કિસ્સાઓમાં બદલી પાત્ર અધિકારીઓ દ્વારા અરજી કર્યાને ઘણો સમય થઈ ગયો હોવા છતાં તેઓની બદલી કરવામાં આવી નથી. આથી આવા કિસ્સાઓ તેમજ મેડિકલ કારણોસર સ્વવિનંતીથી બદલી માંગી હોય તેવા અધિકારીઓની માંગેલ સ્થળે બદલી કરી આપવા વિનંતી છે.

(18) કચેરીના વડા તરીકે ના RTO/ARTO ના ચાર્જની સોંપણીમાં સિનિયોરીટીના ધોરણોનું પાલન કરવામાં આવતું નથી તેમજ આ બાબતના વા.વ્ય.કમિશ્નરશ્રીની કચેરીના પ્રત્યુત્તરમાં

પૂર્વગ્રહ રાખી ચાર્જ સોંપણી થતી હોવાનો સ્વીકાર કરવામાં આવેલો છે. તો આ બાબતે સિનિયોરિટી મુજબ જ ચાર્જ સોંપણી થાય તે બાબત સુનિશ્ચિત કરવા વિનંતી છે.

અમોએ ઉપરોક્ત બાબતો અંગે લેખિતમાં રજૂઆતો કરેલ છે.તેમાંની ઘણી રજૂઆતોના સ્મૃતિ-પત્ર પણ મોકલેલ છે, છતાં આ બાબતે કોઈ હકારાત્મક નિર્ણય લેવામાં ન આવતાં ગુજરાત મોટર વાહન વિભાગના ટેકનીકલ અધિકારીઓમાં ખૂબ જ આક્રોશની લાગણી વ્યાપેલ છે. ઉપર દર્શાવેલ રજૂઆતોનું તારીખ ૧૯/૦૨/૨૦૨૪ સુધીમાં કોઈ નિરાકરણ નહીં આવે તો ત્યારબાદ ગુજરાત મોટર વાહન વિભાગના ટેકનિકલ અધિકારીઓ નીચે દર્શાવ્યા મુજબ ગાંધી ચીંધ્યા માર્ગે આગામી દિવસોમાં તબક્કા વાર સ્વયંભૂ આંદોલન કરશે. જેનાથી ઊભી થનાર પરિસ્થિતિ અને પરિણામની સંપૂર્ણ જવાબદારી વાહન વ્યવહાર વિભાગની રહેશે જેની નોંધ લેવા વિનંતી છે.

**આંદોલન કાર્યક્રમ**

1. તારીખ **૨૦/૦૨/૨૦૨૪** થી માંગણીઓ માંગણીઓ ન સંતોષાય ત્યાં સુધી ગુજરાત મોટર વાહન વિભાગના ટેકનિકલ અધિકારીઓ કાળી પટ્ટી પહેરી પોતાની ફરજો બજાવી વિરોધ નોંધાવશે. તથા વોટ્સેપમાં પોતાના ડીપી અને સ્ટેટસમાં કાળી પટ્ટી નું પોસ્ટર લગાવશે.
2. તારીખ **૨૧/૦૨/૨૦૨૪** ના રોજ તમામ ટેકનિકલ અધિકારીઓ જે તે જિલ્લાની પ્રાદેશિક/સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીના વડાને લેખિતમાં આવેદન આપશે અને તેઓના મારફતે આ આવેદન વિભાગના વડા શ્રી અધિક મુખ્ય સચિવશ્રીને પાઠવવામાં આવશે.
3. તારીખ **૨૨/૦૨/૨૦૨૪** ના રોજ તમામ ટેકનિકલ અધિકારીઓ માન. મુખ્યમંત્રી શ્રી તથા માન. વાહન વ્યવહાર મંત્રીશ્રી તેમજ અધિક મુખ્ય સચિવશ્રીને ટેક્સ્ટ મેસેજ,

ટ્વીટર તથા અન્ય સોશિયલ મીડિયાની  એપ્લિકેશન મારફત પડતર માંગણીઓ રજૂ કરશે.

4. તારીખ <u>**૨૩/૦૨/૨૦૨૪**</u> ના રોજ તમામ ટેકનિકલ અધિકારીઓ કચેરી સમય પહેલાં અને બપોરે રીશેષના સમયે સૂત્રોચ્ચાર અને ઘંટનાદ કરી વિરોધ પ્રદર્શન કરશે.
5. તારીખ <u>**૨૭/૦૨/૨૦૨૪**</u>  ના રોજ તમામ ટેકનિકલ અધિકારીઓ એક દિવસની માસ સી.એલ. પર જઈ તમામ કામગીરીનો બહિષ્કાર કરશે.
6. તારીખ <u>**૦૧/૦૩/૨૦૨૪**</u> ના રોજ તમામ ટેકનિકલ અધિકારીઓ સત્યાગ્રહ છાવણી,ગાંધીનગર ખાતે ભેગા થઈ વિરોધ નોંધાવશે.
7. તારીખ <u>**૦૪/૦૩/૨૦૨૪**</u> ના રોજ મધ્ય રાત્રીના ૦૦.૦૦ કલાકથી એટલે કે તારીખ <u>**૦૫/૦૩/૨૦૨૪**</u> ના રોજથી ગુજરાત મોટર વાહન વિભાગના તમામ ટેકનિકલ અધિકારીઓ પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવે ત્યાં સુધી સ્વયંભૂ માસ સી.એલ. ઉપર ઉતરશે.

આપના આશાવાદી,

પ્રમુખ                                                        મહામંત્રી

ઉપ પ્રમુખ                                                  સંયુક્ત મંત્રી

ઉપ પ્રમુખ                                                  સંયુક્ત મંત્રી

| | |
|---|---|
| ખજાનચી | સભ્ય |
| સભ્ય | સભ્ય |
| સભ્ય | સભ્ય |

નકલ સવિનય રવાના :

(૧) માન. મુખ્યમંત્રીશ્રી ,ગુજરાત રાજ્ય.

(૨) મે. મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય.

(૩) મે.અધિક મુખ્ય સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ,ગુજરાત રાજ્ય.

(૪) મે. વાહન વ્યવહાર કમિશનરશ્રી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.